# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 19-04-2025 Day: Saturday Morning : 6.50 to 6.55 am**

આકાશવાણી ભુજ સમાચાર **કલ્પના શાહ** વાંચે છે.

---

## ભારત-સ્પેસ મિશન:

**ભારત તેની અવકાશ યાત્રામાં ફરી એકવાર ઇતિહાસ રચવા જઈ રહ્યું છે. એક ભારતીય અવકાશયાત્રી આંતરરાષ્ટ્રીય અવકાશ મિશનના ભાગ રૂપે આવતા મહિને આંતરરાષ્ટ્રીય અવકાશ સ્ટેશન (ISS) જશે. ભારતીય વાયુસેનાના ગ્રુપ કેપ્ટન શુભાંશુ શુક્લા એક્સિઓમ સ્પેસ મિશન AXY-4 નો ભાગ બનશે.**

**આ જાહેરાત કરતા, અવકાશ અને પરમાણુ ઉર્જા રાજ્યમંત્રી જિતેન્દ્ર સિંહે કહ્યું કે આ મિશન દ્વારા ભારત તેની અવકાશ યાત્રામાં એક નવો અધ્યાય લખવા જઈ રહ્યું છે. આગામી મહિનાઓમાં ભારતીય અવકાશ સંશોધન સંગઠન (ઇસરો) ની મુખ્ય ભાવિ યોજનાઓની સમીક્ષા કરવા માટે નવી દિલ્હીમાં એક ઉચ્ચ-સ્તરીય બેઠક બાદ, ડૉ. સિંહે કહ્યું કે દેશ અવકાશમાં આગામી સીમાચિહ્ન પાર કરવા માટે તૈયાર છે. શ્રી સિંહે આગામી માનવ અવકાશ ઉડાન અને ISROના અનેક મહત્વપૂર્ણ મિશનનો પણ ઉલ્લેખ કર્યો. ડૉ. સિંહે કહ્યું કે આ પ્રયાસ માત્ર વૈજ્ઞાનિક જ નથી પણ આત્મનિર્ભર ભારત અને વિકાસના વિઝન સાથે પણ સુસંગત છે.**

---

## PM-ટેસ્લાના મુખ્ય કાર્યકારી અધિકારી એલન મસ્ક સાથે ચર્ચા:

**પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ટેસ્લાના મુખ્ય કાર્યકારી અધિકારી એલન મસ્ક સાથે ટેકનોલોજી અને નવીનતાના ક્ષેત્રોમાં સહયોગ અંગે ચર્ચા કરી. સોશિયલ મીડિયા પોસ્ટમાં, શ્રી મોદીએ કહ્યું કે શ્રી મસ્ક સાથેની ચર્ચામાં આ વર્ષની શરૂઆતમાં વોશિંગ્ટન ડીસીમાં તેમની સાથે થયેલા મુદ્દાઓ સહિત વિવિધ મુદ્દાઓ પર ચર્ચા થઈ હતી. શ્રી મોદીએ ટેકનોલોજી અને**

**નવીનતાના ક્ષેત્રમાં અમેરિકા સાથે ભાગીદારીને વધુ મજબૂત બનાવવાની ભારતની પ્રતિબદ્ધતા દોહરાવી હતી.**

---

## સ્પેસટેક પોલિસી 2025-2030:

રાજ્ય સરકારે સ્પેસ ટેક્નોલૉજી ક્ષેત્રને વેગ આપવા માટે ગુજરાત સ્પેસટેક પોલિસી 2025-2030 જાહેર કરી છે. આ પોલિસી અંતર્ગત IN-SPACE, ઇસરો અને અવકાશ વિભાગ સાથે ભાગીદારી કરીને રાજ્યમાં અવકાશ ક્ષેત્રમાં ઉદ્યોગોને વિકસાવવામાં આવશે.

રાજ્ય સરકાર આ વ્યૂહાત્મક ક્ષેત્રમાં કૌશલ્ય વિકાસ, સંશોધન અને નવીનતાને પ્રોત્સાહન આપવા માટે અવકાશ ટેક્નોલૉજીમાં એક સેન્ટર ફોર એક્સલન્સ સ્થાપવાની પણ યોજના ધરાવે છે.

આ પહેલથી રોકાણકારો અને ઉદ્યોગ સાહસિકો રાજ્યમાં અવકાશ ક્ષેત્રમાં ઉત્પાદન અને સંચાલન કરી શકશે. રાજ્ય સરકાર એક સ્પેસ મેન્યુફેક્ચરિંગ પાર્કના નિર્માણ માટે INSPACE, અવકાશ વિભાગ સાથે મળીને કામ કરશે.

---

## CM- ક્રેડાઇનાં કાર્યક્રમમાં:

મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે જણાવ્યું કે, રાજ્યમાં વેપાર ઉદ્યોગની સરળતા માટેનાં નિર્ણય લેવા સરકાર હંમેશા તૈયાર હોય છે. ગઈકાલે ગાંધીનગરમાં કોન્ફેડરેશન ઓફ રિયલ એસ્ટેટ ડેવલપર્સ એસોસિએશન ઓફ ઇન્ડિયા-ક્રેડાઇનાં એક કાર્યક્રમમાં મુખ્યમંત્રીએ જણાવ્યું કે, રિયલ એસ્ટેટ ક્ષેત્રની સમસ્યાઓ ઘટાડવા સરકાર તૈયાર છે. તેમણે જણાવ્યું કે શ્રમિક વર્ગનાં લોકો માટે સસ્તા ભાડાંનાં મકાન અને મધ્યમવર્ગ માટે કિફાયતી દરે રહેણાંક એ કેન્દ્ર સરકારની પ્રાથમિકતા રહી છે.

---

## ઈલેક્ટ્રીક્ટ વાહનો પર 5 % ટેક્સની છુટની જાહેરાત:

પરદુષણને ઘટાડવા અને ઈલેક્ટ્રીક્ટ વાહનો દ્વારા પરિવહનને પ્રોત્સાહન આપવા માટે રાજય સરકારે 31 માર્ચ, 2026 સુધી સંપૂર્ણપણે ઈલેક્ટ્રિક વાહનો પર પાંચ ટકા ટેક્સ છૂટની જાહેરાત કરી છે. આ નિર્ણયના પગલે ટેક્સ દર ઘટીને માત્ર એક ટકો થઈ ગયો છે. નાગરિકો હવે વાહન 4.0 પોર્ટલ દ્વારા તેમના ઈલેક્ટ્રિક વાહનોની ઓનલાઇન નોંધણી કરાવી શકે છે અને તેનો સીધો લાભ મેળવી શકે છે. અત્રે ઉલ્લેખનીય છે કે, રાજય સરકારે વર્ષ 2025-26નાં બજેટમાં આ ટેક્સ ઘટાડા અંગે જાહેરાત કરી હતી. જેને હવે લાગુ કરવામાં આવી છે.

---

## એકલ માતાના મંદિરે ભાતીગળ લોક મેળો:

પૂર્વ કચ્છના ભચાઉ તાલુકામાં ભરુડિયા ખાતે આવેલાં એકલ માતાનાં મંદિરે ચૈત્રી પૂનમના ભાતીગળ લોકમેળો યોજાયો હતો. બે દિવસીય મેળામાં વિવિધ કાર્યક્રમોનું આયોજન કરાયું હતું. જે અંતર્ગત  સંતવાણી ઉપરાંત કચ્છ, કાઠિયાવાડ, વાગડ, ગુજરાત, સૌરાષ્ટ્ર અને રાજસ્થાનની  સંસ્કૃતિને ઉજાગર કરતા સાંસ્કૃતિક  કાર્યક્રમ યોજાયા હતા.

---

## હાઈટેક કૃષિ-ડેરી એક્સપો:

વાવેતરથી વેચાણ સુધી ખેડૂતો `આત્મનિર્ભર' બને અને ગાય આધારિત પ્રાકૃતિક ખેતી કરી સમાજને સ્વસ્થ રાખવામાં ચાવીરૂપ ભૂમિકા ભજવે તેવા હેતુ સાથે જીલ્લા મથક ભુજ ખાતે આજથી  હાઈટેક કૃષિ-ડેરી એક્સપોનું આયોજન કરાયું છે. રાજ્યના કૃષિમંત્રી રાઘવજી પટેલના હસ્તે પ્રારંભ બાદ ચાર દિવસ સુધી ચાલનાર આ એક્સપોમાં વિવિધ કૃષિપોષક પ્રવૃત્તિઓ યોજાશે.

---

## <u>ક્રિકેટ:</u>

ગુજરાત ટાઇટન્સ અને દિલ્હી કેપિટલ વચ્ચે આજે આઇ.પી.એલમાં પ્રથમ વાર મુકાબલો થશે. અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમ પર આજે બપોરે સાડા ત્રણ વાગે મેચ શરૂ થશે. દિલ્હીની ટીમ પાંચ મેચ જીતી દસ પોઇન્ટ સાથે પોઇન્ટ ટેબલમાં પ્રથમ જ્યારે  ચાર મેચ જીતી ગુજરાતની ટીમ બીજા સ્થાને છે.

---

## <u>હવામાન:</u>

**ભારતીય હવામાન વિભાગ (IMD) એ ગુજરાત, દીવ, દમણ અને દાદરા અને નગર હવેલી માટે સાત દિવસ માટે એલર્ટ જાહેર કર્યું છે. "સૌરાષ્ટ્ર-કચ્છ અને ઉત્તર ગુજરાતમાં આજથી સૌરાષ્ટ્ર અને કચ્છના અલગ અલગ સ્થળોએ ગરમીનું મોજું અને ઝડપી પવન ફૂંકાશે, જેમાં પવનની ગતિ 20-30 કિમી પ્રતિ કલાકની ઝડપે પહોંચશે," તેમ જણાવાયુ છે.**

---